GJVD020014972026

**વડોદરાના મહે. છઠ્ઠા જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબશ્રીની કોર્ટમાં,**
**મુ. - વડોદરા.**

**ક્રિમીનલ કેસ નં :-૧૨૦૫ /૨૦૨૬**
**આંક :-**

**ફરિયાદી :- સરકાર શ્રી**

**વિરુધ્ધ**

**આરોપી :- હરિશચંદ જગદેવ પાલ**

**ગુનો :- ગુજરાત પ્રોહી. (એમેન્ડમેન્ટ) એક્ટની કલમ - ૬૬ (૧)(બી), ૮૫(૧) મુજબ.**

**:: આંક - ૧ લગત હુકમ ::**

**(૧)** ફરિયાદપક્ષના કેસની ટુંકમાં વિગત એવી છે કે, આ કામના આરોપીએ જાહેરમાં વગર પાસ - પરમીટે કેફી પીણાંનો નશો કરેલી હાલતમાં મળી આવી પકડાઇ જઇ ધી ગુજરાત પ્રોહી. (એમેન્ડમેન્ટ) એક્ટની કલમ - ૬૬ (૧)(બી), ૮૫(૧) મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે.

**(૨)** આરોપીએ કબુલાત પુરસીસ આપી તેઓએ ગુનાની સ્વેચ્છીક અને પોતાની મરજીથી ગુનો કબુલ કરતા હોય તેમજ પોતે ગરીબ વર્ગના માણસ છે અને આ તેઓનો પ્રથમ ગુનો છે. તેઓ ઉપર કુટુંબના ભરણપોષણની તમામ જવાબદારી છે. તે તમામ ધ્યાનમાં રાખી ઓછી સજા કરવા વિનંતી કરેલ છે.

આરોપી સામે પ્રોહીબીશન એકટની કલમ - ૬૬(૧) તથા ૮૫(૧) મુજબના ગુનાનો આક્ષેપ છે. પરંતુ સદર કેસનું રેકર્ડ જોતાં આરોપી સામે પ્રોહી એકટ કલમ-૮૫ મુજબના ગુનાના તત્વો ત.ક. અમલદારશ્રીએ ચાર્જશીટમાં દર્શાવેલ નથી. કલમ ૮૫ માં જણાવેલી બાબત જેવી કે, આરોપી એ કોઈની સાથે ન્યુસંસ, ઝઘડો કરેલ હોય, કોઇને ગંદી ગાળો આપેલ હોય, કોઈની સાથે મારા મારી કરેલ હોય, અથવા કોઇ સ્ત્રી સાથે દુવ્યવહાર કરેલ હોય તે બાબત જણાયેલી નથી. જેથી હાલના આરોપી સામે સદર કલમ-૮૫ મુજબની કલમ નો યોગ્ય રીતે પુરાવો વંચાણે લઈ ઉમેરો કરવામાં આવેલ હોય તેવુ જણાઈ આવતુ ના હોઈ જેથી આરોપી સામે પ્રોહી એકટ કલમ-૬૬(૧)બી મુજબના ગુનાનું તહોમત જણાઈ આવતુ હોઈ, આરોપી સામે કલમ-૮૫ ના ગુનાનું તહોમત ના ફરમાવી આરોપીનો કલમ -૬૬(૧)બી મુજબનો જવાબ લેવામાં આવેલ છે.

**(3)** સદર કામે આરોપી સામેનું ચાર્જશીટ જોતાં આરોપીનો કોઇ ગુનાહિત ઈતિહાસ હોવાનું ફલિત થતું નથી તેમજ તેની સામે અન્ય કોઇ ગુનાં નોંધાયેલા હોય, તેવો કોઇ પુરાવો આ કામે ચાર્જશીટ સાથે રજુ રાખેલ નથી. આમ, આરોપીની સ્વેચ્છીક કબુલાત તથા તેમણે પુરશીશમાં જણાવેલ હકીકતો તેમજ તેની આર્થિક પરિસ્થિતિ તથા ગુનાની ગંભીરતા ધ્યાને લઇ તથા **નામ. ગુજરાત હાઇકોર્ટના સ્ટેટ ઓફ ગુજરાત વિ. નટવર હરચંદજી ઠાકોર ૨૦૦૫ (૧) જી.એલ.આર. ૭૦૯** માં દર્શાવેલ ચુકાદા મુજબ આરોપીએ જણાવેલ કારણો ખાસ કારણો હોવાથી તથા ગુજરાત પ્રોહીબીશન (એમેન્ડમેન્ટ) એકટ ૨૦૧૬ ની કલમ ૬૬(૧)બી માં પ્રસ્થાપિત સજાની જોગવાઇ ધ્યાને લેતા ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**:: આખરી હુકમ ::**

આ કામના આરોપી **હરિશચંદ જગદેવ પાલ** નાઓને બી.એન.એસ.એસ.ની કલમ ૨૬૪ અન્વયે મજકુર ગુના સબબ તકસીરવાન ઠરાવી **રૂા. ૨૦૦/– (અંકે રૂપિયા બસ્સો પુરા)** ના દંડની તથા કોર્ટ ઉઠતા સુધીની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે. જો આરોપી દંડની રકમ ભરવામાં કસુર કરે તો વધુ દિન– ૦૫ ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

મુદ્દામાલનો અગાઉ જો કોઈ વચગાળાનાં તબકકે હુકમ કરવામાં આવેલ હોય તો, તે કાયમ કરવામાં આવે છે અને બાકીનો મુદ્દામાલ અપીલ સમય બાદ કાયદા મુજબનો નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આજ તારીખ **૧૪મી**, માહે– **માર્ચ** , સને– **૨૦૨૬** ના રોજ હુકમ લોક અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

મુકામ : વડોદરા
તા. ૧૪/૦૩/૨૦૨૬

**( એલ. એમ. પરમાર )**
છઠ્ઠા એડી. જયુડિશિયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
વડોદરા. કોડ નં. **જીજે.૦૧૭૦૫.**

પાવતી નં :– ______
**રૂ. ૨૦૦/–(અંકે બસ્સો રૂપિયા)**
તા. ૧૪–૦૩–૨૦૨૬

નાઝર
ચીફ જયુડી. મેજી. કોર્ટ,
વડોદરા.